સિટી એન્કર

આઈઆઈટી ગાંધીનગરના સ્ટુડન્ટ્સે ભારતની વિવિધતા અનુભવી અને તેની ડોક્યુમેન્ટ્રી બનાવી

# 'એક્સપ્લોર ફેલોશિપ' અંતર્ગત સ્ટુડન્ટ્સે ભારત ભ્રમણ કર્યું



આઈઆઈટી ગાંધીનગરના ૧૪ વિદ્યાર્થીઓ ભારતના વિવિધ રાજ્યોમાં છ વીક માટે ટ્રાવેલ કર્યું હતું.

સિટી રિપોર્ટર | અમદાવાદ

તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) ગાંધીનગર દ્વારા એન્જિનિયરિંગની સ્ટડી સિવાય સ્ટુડન્ટસ પોતાની જાતને ઓળખે અને ભારતને જાણે તે માટે 'એક્સપ્લોર ફેલોશિપ'પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. આ પ્રોગ્રામ અંતગર્ત આઈઆઈટી ગાંધીનગરના ૧૪ વિદ્યાર્થીઓ ભારતના વિવિધ રાજ્યોમાં છ વીક માટે ટ્રાવેલ કર્યું હતું. ટ્રાવેલમાં સ્ટુડન્ટસે બરફીલા પ્રદેશો, ગરમ પ્રદેશો સહિત એડવેન્ચર અને થ્રિલર જેવા પ્લેસમાં રોકાયા હતા. સ્ટુડન્ટ્સના 31 ગ્રૂપે ભારતના ખૂણે-ખૂણે ફરીને ભારતની વિવિધતા અનુભવી અને તેની ડોક્યુમેન્ટ્રી સ્વરૂપે કેમેરામાં કંડારી હતી. આઈઆઈટી ગાંધીનગર દ્વારા સ્ટુડન્ટ્સને લો બજેટમાં અને યુથ હોસ્ટેલમાં રહેવાની સગવડ પૂરી પડાઈ હતી. ઓછા પૈસામાં પણ કેવી રીતે રહી શકાય તે અંગે સ્ટુડન્ટસ જાણે તે માટે આઈઆઈટી દ્વારા સ્ટુડન્ટસને આ પ્રકારે ટ્રેઈન કરાય છે. પોતાના ટ્રાવેલ એક્સપ્રિરિયન્સ શેર કરતા કુશલ મોદીએ કહ્યું કે, 'ટ્રાવેલ દરમિયાન અમે ભારતને અલગ અલગ દ્રષ્ટીકોણથી જોયું. ઘણા રાજ્યોમાં ભાષાનું વૈવિધ્ય જોવા મળ્યું જ્યારે ઘણામાં રેહણીમાં અને ઘણા રાજ્યોના પહેરવેશમાં અમને વિવિધતા જોવા મળી. આટલી બધી વિવિધતા વચ્ચે પણ દરેક લોકોમાં અમને કોમન જોવા મળ્યું તે દેશપ્રેમ. જે દરેક વ્યકિતમાં સરખો હતો.

## સ્ટુડન્ટ્સ ઘણા ગામડાંઓના રસ્તાઓમાં સાઈકલ લઈને જતા

ભારતના ઘણા ગામડાઓમાં આજે પણ પરિવહનની પાયાની સગવડોથી વંચિત છે. બસની રાહ જોતા-જોતા થાકી જાવ ત્યારે ભીડભાડવાળી બસ મળે છે. જેના સમાધાનરૂપે ઘણા સ્ટુડન્ટ્સ ગામડાના દુર્ગમ રસ્તાઓને નિહાળવા સાઈકલ પર જ નિકળ્યા હતા

**Title:** Explorer's Fellowship: IIT Gandhinagar students on India tour

**Source:** Divya Bhaskar

**Date:** 25/10/2017